Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity - ISSN : 2279-0233

Continuous Issue-36 | October – November 2018

# અથર્વવેદમાં રાષ્ટ્ર વિષયક ચિંતન

- **પ્રસ્તાવના**

अथर्वन् ઋષિના નામ પરથી આ વેદનું નામ 'अथर्ववेद' પડયું. અથર્વવેદની શૌનક શાખાની સંહિતામાં ૨૦ કાંડ, ૭૩૦ સૂકત અને ૫૯૮૭ મંત્રો છે. અથર્વવેદ મંત્રોના દ્રષ્ટા અથર્વન્ ઋષિ છે.

अथर्वन् શબ્દની વ્યાખ્યા અને નિર્વચન નિરુક્તમાં મળે છે. નિરુક્ત અનુસાર थर्व् ધાતુ ગત્યર્થક છે. थर्वन् નો અર્થ ગતિશીલ અને अथर्वन् નો અર્થ ગતિહીન, નિશ્ચલ, સ્થિર[૧] થાય છે. ગોપથ બ્રાહ્મણ અનુસાર (अथर्वाक्) થી अथर्वा શબ્દ બને છે. अथर्वा એ પ્રજાપતિનું નામ છે. આ વ્યુત્પત્તિ અનુસાર ગતિહીન અથવા નિશ્ચલ ભાવ રાખવાવાળા વ્યક્તિને अथर्वा કહે છે. અર્થાત્ યોગી એવો અર્થ થાય છે.

અથર્વવેદમાં વિપુલ પ્રમાણમાં વિષય વૈવિધ્ય જોવા મળે છે અહીં અથર્વવેદ અને તેના ભૂમિસૂક્તમાં રાષ્ટ્રીય એકતાને સુદ્રઢ કરતા રાષ્ટ્ર વિષયક વિચારોનું ચિંતન જોવા મળે છે. જે જુદાં જુદાં વિચારોનું એકીકરણ થઈને રાષ્ટ્રવાદ ઉભો કરે છે તે દ્રઢ ચિંતનને મૂકવાનો મારો પ્રયત્ન છે.

- **દેશ અને રાષ્ટ્ર**

અથર્વવેદમાં એક જ સ્થાને 'દેશ' શબ્દનો પ્રયોગ જોવા મળે છે. જેમાં દેશ ઉપર આવનાર સંકટના નિવારણ માટે શાંતિની પ્રાર્થના કરી છે.[૨]

'રાષ્ટ્ર' શબ્દનો ઉલ્લેખ અથર્વવેદમાં અનેક સ્થાનોમાં જોવા મળે છે.[3]

- **રાષ્ટ્રનું સ્વરૂપ**

રાષ્ટ્રની ઉત્પત્તિના વિષયમાં કહેવાયું છે કે રાષ્ટ્રની ઉત્પતિ પરમાત્માથી થઈ છે. તેનાથી જ રાષ્ટ્રીય ભાવના મળી, રાષ્ટ્રીય ભાવના આવતા જ શત્રુઓનો નાશ થયો. રાષ્ટ્રમાં નિર્ભયતાનો ભાવ ઉત્પન્ન થયો, દ્યુલોક અને પૃથ્વી લોકની શક્તિ વડે ધન-ધાન્યની સમૃધ્ધિ પ્રાપ્ત થઈ[૪] રાષ્ટ્રને કેવી રીતે મજબૂત બનાવી શકાય તેના પર વિચાર થયો અને કેટલાક નિયમોની વ્યવસ્થા કરવામાં આવી. નિયમોના પાલનથી કોઈ દેશ અથવા રાષ્ટ્રની ઉન્નતિ થઈ શકે છે જેમ કે -

૧. सत्यं बृहत् - મહાન સત્યને અપનાવવું જોઈએ. સત્યભાષણ સત્યવ્યવહાર, આચાર-વિચારમાં સત્યની પ્રમુખતા હોવી જોઈએ.

૨. ऋतम् उग्रम - પદાર્થોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું અને પ્રાકૃતિક નિયમોનું પાલન કરવું.

3. दीक्षा - કર્મઠતા અને નક્કી કરેલા કાર્યોને પૂરા કરવા કટીબધ્ધ રહેવું .

૪. तप - તપસ્વી જીવન હોવું જરૂરી છે

૫. ब्रह्म - બ્રહ્મ જીવનમાં આસ્તિક રહેવું અને બ્રહ્મની સત્તા સ્વીકારવી.

૬. यज्ञ - વિશ્વવ્યાપી યજ્ઞને જોઈ પોતાના જીવનને યજ્ઞિય બનાવવું. પોતાના જીવનને રાષ્ટ્રની સંપત્તિ સમજી કાર્ય કરવું. [૫]

આવી રીતે અથર્વવેદમાં પોતાના રાષ્ટ્રને સર્વોત્તમ બનાવવાનો ઉલ્લેખ છે.

ઉત્તમ રાષ્ટ્ર બનાવા માટે આવશ્યક છે તેમાં સુખ અને સમૃદ્ધિનો વધારો કરવો રાષ્ટ્રમાં ઘી, દૂધ વગેરેની સમૃદ્ધિ વધારવી.[૬]

- **રાષ્ટ્રીય એકતા**

અથર્વવેદના સમયમાં રાષ્ટ્રમાં પાંચ પ્રકારની પ્રજા હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર અને નિષાદ અથવા અતિશુદ્ર તે બધી પ્રજા પૃથ્વીના પુત્રો હતા, તેથી બધાને સમાન અધિકાર પ્રાપ્ત થવો જોઈએ.[૭] રાષ્ટ્રમાં ઉચ્ચકોટિ અને નિમ્નકોટિ પ્રકારના વ્યક્તિ હોય છે. તેમાં ઉચ્ચ-નીચનો ભેદ જોયા વિના મિત્રતા અને એકતાનો ભાવ હોવો જોઈએ.[૮] નાના-મોટા બધાને સમાન અધિકાર પ્રાપ્ત થાય, બધા મળીને દેશની રક્ષા કરે,[૯] પ્રત્યેક રાષ્ટ્રમાં જનતા બધા પ્રકારની હોય છે. પૃથ્વી આ બધાને ધારણ કરે છે. આ પ્રકારે રાષ્ટ્રમાં પણ ભલા-બુરા માણસોનું ધ્યાન રાખવું જોઈએ.[૧૦] રાષ્ટ્રની પ્રજા વીર હોવી જોઈએ. તેની પાસે ઉત્તમ શસ્ત્ર - અસ્ત્રો હોવા જોઈએ, રાષ્ટ્રમાં અક્ષય ક્ષાત્રબળ હોવું જોઈએ.[૧૧]

સમવેશ્ય રાષ્ટ્ર તે છે જ્યાં સજ્જન, સચ્ચરિત્ર, ધર્માત્મા અને આદર્શ વ્યક્તિ રહે છે. તેમના રહેવાથી તે રાષ્ટ્રમાં પ્રવેશ અને નિવાસ યોગ્ય બને છે. વિદેશી પણ તે રાષ્ટ્રમાં આવીને નિવાસ કરવો ઉચિત સમજે છે આવા વ્યક્તિઓથી રાષ્ટ્ર વિશાળ અને વિપુલ કીર્તિવાળું બની જાય છે.[૧૨] જે રાષ્ટ્રમાં પ્રજાની ઉન્નતિ હોય છે. તે રાષ્ટ્ર પ્રતિદિન ઉન્નતિ કરે છે. આથી જ કહેવાય થે કે - રાષ્ટ્રની ઉન્નતિ માટે પ્રજાની ઉન્નતિ આવશ્યક છે.[૧૩] લોકો વચ્ચે પારસ્પરિક ફાટફૂટ ન હોવી જોઈએ.[૧૪]

- **સંગઠન અને સામંનસ્ય થકી રાષ્ટ્રીય એકતા**

અથર્વવેદમાં સંગઠન અને સામંનસ્યની વ્યાખ્યા વિસ્તારથી કરી છે બધા જ હળીમળીને વિચાર-વિનિયમ કરે, પરસ્પર સંપર્ક વધારે અને બધાના મન સમાન હોય,[૧૫] બધા જ એક બની કાર્ય કરે,[૧૬] બધાના સંકલ્પ, વિચાર, હૃદય અને મન સમાન હોય,[૧૭] દેવતા ઘણી સાવધાની પૂર્વક પૃથ્વીની રક્ષા કરે છે. તે જ પ્રકારે મનુષ્યની ફરજ છે તે પણ પોતાના રાષ્ટ્રની સાવધાની પૂર્વક રક્ષા કરે.[૧૮]

રાષ્ટ્રીય એકતા અગ્નિ છે તે હંમેશા પ્રજ્જવલિત રાખવી જોઈએ. રાષ્ટ્રીય એકતા જાળવી રાખવા માટે પરસ્પર વિરોધ ઉભો કરે તેવી વાતો ન કરવી જોઈએ આ અગ્નિને સદભાવના પ્રજ્જવલિત રાખવી જોઈએ.[૧૯] જે અસંતુષ્ટ અને વિરોધી છે તેને પ્રેમથી સન્માર્ગ પર લાવો,[૨૦] પરસ્પર પ્રેમથી રહે, વિવાહથી પરસ્પર બંધાય તે જરૂરી છે.[૨૧] અન્નના ઉત્પાદક ખેડૂત અને ગાય વગેરે પશુપાલક રાષ્ટ્રના પોષક છે.[૨૨] રાષ્ટ્રની ઉન્નતિ માટે

આવશ્યક છે શત્રુ પોતાનો હોય કે પરાયો, સ્વદેશી હોય કે પરદેશી બધાનો નાશ કરવો જોઈએ.[૨૩] જેથી રાષ્ટ્રની એકતા અખંડિત રહે છે.

- **'ભૂમિસૂક્ત' રાષ્ટ્રગાનનું કાવ્ય**

અથર્વવેદના ભૂમિસુક્તના અધિષ્ઠાતાના દેવતા ભૂમિ છે આ સૂક્ત 'પૃથ્વીસૂક્ત' તરીકે જાણીતું છે. અથર્વવેદનાં દ્વાદશ-કાંડનો પ્રારંભ ત્રેંસઠ મંત્રના 'ભૂમિસૂકત'થી થાય છે. વેદમૂર્તિ સાતવલેકરજીએ આ સૂક્તને "માતૃભૂમિનું વૈદિક ગીત" કહયું છે.

- **ભૂમિસૂક્તનું રસદર્શન**

સમગ્ર પૃથ્વીની ઉન્નતિ થકી રાષ્ટ્ર કે દેશની ઉન્નતિ થાય છે. તે સમજી શકાય છે જેવી રીતે સંતાનો અને માતા-પિતા વચ્ચે જે બંધુત્વની ભાવના હોય છે તેવી રીતે રાષ્ટ્રને દેવ કે પિતા માનવાથી અને પૃથ્વીને 'માતા' માનવાથી વિશ્વબંધુત્વની ભાવના ઉભી થાય છે. આ સૂક્ત સમગ્ર વિશ્વ માટે ભૂમિને 'માતા' માનવાની ભાવના પ્રગટ કરે છે माता भूमिः पुत्रो अहं पृथिव्याः।(૧૨.૧.૧૨) રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે થતાં સંઘર્ષના નિવારણ માટે આ સૂક્ત કહે છે કે રાજનીતિની દ્રષ્ટીએ રાજા પૃથ્વીનો પાલક પિતા કે પતિ છે. પ્રજાએ તેને અનુસરવાનું છે.[૨૪] જો કે પૃથ્વી કોઈની પત્ની નથી તે તો પ્રજાનોની પાલક પત્ની છે . [૨૫]

અન્ત્યેષ્ટિસૂક્તમાં પૃથ્વીને દયાળુ (सुशेवा) માતા કહીને કહયું છે કે મનુષ્ય મરણી પામી તેની પાસે જાય છે. તેથી તે 'માતા' છે.[૨૬] આ વિચાર કવિનો ક્રાન્તદર્શી જણાય છે. ભૂમીસૂક્તનું ગીત ભારતભૂમિનું માતૃભૂમિ ગીત છે. પ્રત્યેક દેશને પોતાનું રાષ્ટ્રગીત હોય છે. તેની તુલના કરતા આ રાષ્ટ્રગીત વિશ્વના પ્રજાજનોને વિશ્વબંધુત્વની ભાવના અર્પે છે.[૨૭]

આ સૂક્તમાં સમાનતાનો મહાન સિદ્ધાંત પણ જોવા મળે છે असबांध मध्यतो मानवानां यस्या उद्वतः प्रवतः समं बहु। (૧૨.૧.૨) માનવો વચ્ચે ઉંચ - નીચના ભાવો જણાય છે. છતાં પણ તેમની વચ્ચે ઘણી જ સમાનતા છે ઋગ્વેદનાં બે મંત્રોમાં કહ્યું છે કે – ભાતૃસ્વરૂપે સૌ સમાન જન્મવાળા છે. કોઈ ઉતરતા કે ચડિયાતા નથી.[૨૮]

- **દેશરક્ષણ ભાવના**

ઋષિઓ પોતાના જ્ઞાન, તપ અને દીક્ષા વડે સમસ્ત રાષ્ટ્રના કલ્યાણને ઈચ્છતા હતા તે એવા કાર્યો કરતા હતા કે રાષ્ટ્રને બળ અને તેજસ્વીતા પ્રાપ્ત થાય. દેવો પણ ઋષિને નમન કરે છે. જે દેશના સન્યાસી, મહાત્માઓ તપ અને વિદ્યાથી રાષ્ટ્ર કલ્યાણની કામના કરતા હંમેશા કાર્યશીલ હોય તે દેશ ચોક્કસ દેવતાઓ માટે પણ સ્પૃહણીય બને છે. દેશ રક્ષણની ભાવના આ સૂકતમાં પદે પદે જોવા મળે છે. જેમ કે देवा असुरानभ्यवर्तयत्। અર્થાત દેવોએ અસુરોને પરાજિત કર્યા, (૧૨.૧.૫), શચીપતિ ઈન્દ્રે પૃથ્વીને પોતાના માટે શત્રુરહિત કરી (૧૨.૧.૧૧), હે ભૂમિ અમારા શત્રૂઓને દૂર કરો (૧૨,૧,૧૪), જે અમને પ્રિય ન હોય તેને અલગ રાખો (૧૨.૧.૩૦), શત્રુઓ અમારાથી ચડિયાતા ન બને (૧૨.૧.૩૨), દેવતાઓને હણતા દસ્યુઓને દૂર કરો (૧૨.૧.૩૭), તે ભૂમિ અમારા શત્રુઓને દૂર ભગાડો (૧૨.૧.૪૧), હું વિજયી બનું. (૧૨.૧.૫૪) વગેરે ચિંતન દ્વારા અહીં. સ્વદેશ રક્ષણની ભાવના રજૂ થઈ છે.

- **ઉપસંહાર**

પૃથ્વી માતા છે અને આપણે તેના પુત્ર છીએ.[૨૯] આ મંત્ર દ્વારા આત્મીય અને તાદાત્મ્યની સ્થાપના કરવામાં આવી છે. આ પૃથ્વી ત્રણેય લોકમાં ઉત્તમ છે.[30] માતૃભૂમિનું હંમેશા ગુણગાન કરવું જોઈએ.[31] માતૃભૂમિ માટે જરૂરીયાત પ્રમાણે બલિદાન માટે તૈયાર રહેવું જોઈએ.

पयं तुम्यं बलि हत्तः  स्याम। (अ० १२.१.६२)

આ રીતે અથર્વવેદ રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રવાદની વિભાવના આપી તેનાં સહાયક અને અવરોધક પરિબળોની ચર્ચા કરે છે. સંગઠન, સાંમનસ્ય દેશરક્ષણની ભાવનાને મૂર્તિમંત કરે છે. આપણી પ્રાચીનતમ માતૃભૂમિની કલ્પનાને જીવંત રાખે છે.

## સંદર્ભ


I. अथर्वाणो अथनवन्तः।............. तत्प्रतिषेधः निरुक्तः ११.१८

II. देशोपसर्गाः शम् नो भवन्तु । अथर्व . १९.९.९

III. राष्ट्रम् - अथर्व ३.४.१,३.८.१,१३.३.१०,१३.१.१, वगेरे

IV. अथर्ववेद १३.१.५

V. अ.१२.१.१

VI. अ. १३.१.८

VII. तव मे पृथिवि पज्य मानवा येभ्यो ज्योतिरमृतं मत् र्यभ्य अ. १२.१.१५

VIII. असंबाधं बध्यतो मानवानां यस्यां उद्धतः प्रवतः समंबहु अ. १२.१.२

IX. अ. ५. २.६.

X. अ. १२.१.१५

XI. अ. ३.१९.५.

XII. अ. ३.८.१

XIII. अ. १२.३.१०

XIV. अ. १.२०.१

XV. अ. ६.६४.३

XVI. अ. ६.६४.२

XVII. अ. ६.६४.३

XVIII. अ. १२.१.७

XIX. अ. ३.८.३

XX. अ. ३.८.५

XXI. अ. ३.८.४

XXII. એજન

XXIII. अ.६.७४.३

XXIV. कौ.सू. ५.२

XXV. પૃથ્વીને ‘પર્જન્ય’ ની ‘પત્ની’ કહી છે अ. १२.१.१२

XXVI. ऋ. १०.१८.१०

XXVII. वैदिक राष्ट्रकशासन पृ. ५४

XXVIII. ऋ प.५९.६ एवं. ऋ ५.६०.५

XXIX. अ. १२.१.१२

XXX. अ. ६-२१.१

XXXI. अ. ७.६.४

## સંદર્ભ ગ્રંથ


I. अथर्ववेद संहिता - संपादन सायणभाष्यसहित विश्वन्धुशास्त्री होशियारपुर १५९०.

II. अथर्ववेद का सांस्कृतिक अध्ययन - लेखक डॉ. कविकदेव द्विवेदी आचार्य प्रकाशकः विश्वभारती अनुसंधान परिषद ज्ञानपुर (वारणसी)

III. ऋगवेद संहिता - सायणभाष्य वैदिक संशोधन मंडल पूना, ९१३३-४६

IV. एतेरेय ब्राहमण - सायभाष्य , आनन्दाश्रम संस्कृत सीरीज पूना १६३१.

V. वैदिक राष्ट्रशासन - सातवलकर - पारडी

VI. वैदिक कोर्ष - हंसराज लाहौर - १६२६


*************************************************************************


પ્રો. ડૉ. ગિરિશ કા. સોલંકી
આસીસ્ટન્ટ પ્રોફેસર
સંસ્કૃત વિભાગ
કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ
અમરેલી


Copyright © 2012 - 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat